Saturday
28.11.2026
✳Volume :11 ✳ Issue No.147
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM
Daily

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-



કમલમ્,

કવાંટ તાલુકાના હાફેશ્વર ખાતે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી દ્વારા મહત્વપૂર્ણ પ્રવાસન અને વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું સ્થળ નિરીક્ષણ છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના હાફેશ્વર ખાતે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ રૂબરૂ મુલાકાત લઈને વિવિધ અગત્યના ટુરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ દ્વારા જેટી પ્રોજેક્ટ, ગુજરાત ટુરિઝમ કોર્પોરેશનનો ટુરિઝમ રિસેપ્શન કાઉન્ટર ફેઝ-૧ અને ૨ અને રેવા ઇકો ટુરિઝમ સાઇટ પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે નર્મદા નદીમાં બોટિંગ મારફતે સ્થળની સ્થિતિનો તાગ મેળવી સંબંધિત વિભાગોના અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દેવભૂમિ દ્વારકા જિલ્લાના બ્લુ ફ્લેગ બીચ શિવરાજપુરમાં ટુરિસ્ટ ફેસીલીટી પ્રોજેક્ટસનું લોકાર્પણ કર્યું

રમણીય શિવરાજપુર બીચ ખાતે ગુજરાત ટુરિઝમ દ્વારા અંદાજિત રૂ.૧૦૨ કરોડથી વધુના ખર્ચે પ્રવાસન સુવિધાઓ વિકસાવવામાં આવી

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દેવભૂમિ દ્વારકા જિલ્લાના મનોહર અને શાંત દરિયા કિનારે સ્થિત બ્લૂ ફ્લેગ બીચ શિવરાજપુર ખાતે પ્રવાસન વિભાગ દ્વારા અંદાજિત ૧૦૨ કરોડથી વધુના ખર્ચે વિકસાવવામાં આવેલી પ્રવાસન-યાત્રી સુવિધાઓનું લોકાર્પણ કર્યું હતું. પર્યટન, પ્રવાસન અને સલામતીને ધ્યાને રાખીને બ્લ્યૂ ફ્લેગના વૈશ્વિક ધોરણો અન્વયે શિવરાજપુર બીચને પ્રવાસન વિભાગ દ્વારા વિકસાવવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શિવરાજપુર બીચ ખાતે અંદાજે રૂ.૨૩.૪૩ કરોડના ખર્ચે જે પ્રવાસન-યાત્રી સુવિધાઓનું લોકાર્પણ કર્યું છે તેમાં ફેઈઝ-૧ અંતર્ગત અરાઈવલ પ્લાઝા, સ્નોકલિંગ પ્લાજા, સાઈકલ ટ્રેક, પ્રોમોનેડ, લોકર રૂમ, પાથ-વે, સાઈનેજીસ , પીવાના પાણીની સુવિધા, પાર્કિંગ, ટોઈલેટ બ્લોક, ચેંજિંગ રૂમ, ઈલેક્ટ્રિકવર્ક, અન્ડર ગ્રાઉન્ડ ટેક, સીવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ અંદાજે રૂ.૭૮.૮૫ કરોડના ખર્ચે ફેઈઝ- ૨ અંતર્ગત ઈવેન્ટ ગ્રાઉંડ, એમ્ફીથીયેટર, ફોર્ટ રિસ્ટોરેશન, બોર્ડ વોક, લાઈફ ગાર્ડ ટાવર, જુદા-જુદા ડેક, બીચ લાઈટીંગ, શૌચાલય, ચેન્ઝીંગ રૂમ, શાવર રૂમ, કિયોસ્ક, રેસ્ટોરન્ટ, કમ્પાઉન્ડ વોલ અને ફેન્સિંગ, ઈરીગેશન વર્ક, હોર્ટિકલ્ચર વર્ક, ચિલ્ડ્રન પ્લેએરિયા, સહિતની પ્રવાસન લક્ષી સુવિધાઓના વિકાસનો સમાવેશ થાય છે. પ્રવાસન સચિવશ્રી અને અધિકારીઓ દ્વારા શિવરાજપુર બીચ ખાતે વિકસિત કરાયેલ પ્રવાસનલક્ષી સુવિધાઓ વિશે મુખ્યમંત્રીશ્રીને વિસ્તૃત જાણકારી પૂરી પડવામાં આવી હતી. ગુજરાતમાં ટુરિઝમ દ્વારા સર્વિસ સેક્ટરનું મહત્વ વધ્યું છે ત્યારે શિવરાજપુર બીચ દ્વારા રોજગારીની નવિન તકો ઉત્પન્ન થશે, સ્થાનિક યુવાનોને અનેકવિધ પ્રવૃત્તિઓ થઈ રોજગાર પ્રાપ્ત થશે. એટલુ જ નહિ, પ્રવાસન સેક્ટર દ્વારા સંપૂર્ણ ઈકોનોમી સાયકલને વેગ મળશે અને વડાપ્રધાનશ્રીએ આપેલા સસ્ટેનેબલ ડેવલપમેન્ટના મંત્ર સાથે પ્રવાસન દ્વારા રાજ્યની ઈકોનોમીને બુસ્ટ મળશે તેવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ શ્રી દ્વારકાધિશ મંદિરમાં પૂજા - અર્ચના કર્યા બાદ શિવરાજપુર બીચ ખાતે પ્રવાસનલક્ષી સુવિધાઓનું લોકાર્પણ કરવા પહોંચ્યા હતા. આ વેળાએ સાંસદ શ્રી પૂનમબેન માડમ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ગૌરીબેન હાથિયા, ધારાસભ્ય શ્રી મુળુભાઈ બેરા, પબુભામાણેક, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે, પ્રવાસન સચિવ શ્રી કુલદીપ આર્ય, રેન્જ આઈજી શ્રી નિર્લિપ્ત રાય, જિલ્લા કલેક્ટર શ્રી રાજેશ તન્ના, જિલ્લા વિકાસ અધિકારી શ્રી કેતન પી.જોશી, પોલીસ અધિક્ષક શ્રી જયરાજસિંહ વાળા, અગ્રણી શ્રી મયુરભાઈ ગઢવી, પુનિત શર્મા, સહદેવસિંહ માણેક સહિત સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



સાઈકલ ટ્રેક - સ્નોર્કલિંગ પ્લાઝા – પ્રોમોનેડ જેવા આકર્ષણો તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટિઝ કામોના લોકાર્પણ

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ હાફેશ્વરની ડુંગર તળેટીમાં યુવાઓ સાથે કર્યો સંવાદ

સ્થાનિક રોજગારને કેન્દ્રમાં રાખી હાફેશ્વર વિસ્તારને ટુરીઝમ ડેવલપમેન્ટ તરીકે વિકાસ કરવામાં આવશે







છોટા ઉદેપુરમાં પર્યટન વિકાસ દ્વારા આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરવા યુવાઓની ભૂમિકા મહત્વપૂર્ણઃ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

કમલમ્,

છોટાઉદેપુર જિલ્લામાં પ્રવાસન વિકાસ કરવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથે નાયબ મુખ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ હાફેશ્વરના ડુંગર પર એકદમ કાઉ બોય લૂકના નવા અને યુવા અંદાજમાં આદિવાસી સમાજના યુવાઓ સાથે ખૂબ જ રોચક સંવાદ કર્યો અને યુવાઓ સાથે તેમના પ્રશ્નો, સપનાઓ અને કારકિર્દીની તકો અને પડકારો વિશે દિલ ખોલીને વાત કરી હતી. શ્રી સંઘવીએ સ્થાનિક કલાકારો, રમતવીરો, વિદ્યાર્થીઓ, ઉદ્યોગ સાહસિકો સહિતના યુવાઓ સાથે ખૂબ જ આત્મીયતા સાથે વાત કરી હતી અને આ યુવાઓની પ્રતિભાઓથી વાકેફ થયા હતા. તેમણે ઉમેર્યું હતું કે યુવાઓને મળવાથી તેમની સતત કામ કરવાની ઈચ્છા શક્તિમાં વધારો થાય છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ આવનાર સમયમાં હાફેશ્વર વિસ્તારને ઈકો ટુરિઝમ તરીકે ડેવલપ કરવાની જાહેરાત કરી હતી. જેમાં, મોટા પાયે માળખાકીય સુવિધાઓનો વિકાસ કરી વિપુલ પ્રમાણમાં સ્થાનિક લોકોને રોજગારી મળે તે દિશામાં કાર્ય કરવા જણાવ્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું આ વિસ્તારમાં ૧૦૦ થી વધુ હોમ સ્ટે ડેવલપ કરવામાં સરકાર સ્થાનિકોને મદદ કરશે.

આ ભગીરથ કાર્યને પૂરું પાડવા માટે તેમણે છોટા ઉદેપુર જિલ્લાના યુવાઓનો સહકાર માંગ્યો હતો. શ્રી સંઘવીએ જણાવ્યું હતું કે આપણે માળખાકીય સુવિધાઓ નિર્માણ કરવાની સાથે આ વિસ્તારોમાં સ્વચ્છતા અને આતિથ્ય માટેના ઉચ્ચ માપદંડો રાખવા પડશે. આ દ્વિપક્ષીય સંવાદમાં યુવાઓએ પણ મન મૂકીને નાયબ મુખ્યમંત્રીશ્રીને શિક્ષણ, રોજગાર, સ્પોર્ટ્સ અને સ્થાનિક પર્યટન જેવા વિષયો પર પ્રશ્નો પૂછ્યા હતા. જેમ કે, ખજૂરિયા ગામના પેરાગ્લાઈડર શ્રી શ્વેતા રાઠવાએ હાફેશ્વરમાં પણ આ પ્રકારની સુવિધા શરૂ કરવા વિનંતી કરી હતી. એવી જ રીતે ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરતી સાધના તન્વીએ પોતાના ડોકટર બની સમાજ સેવા કરવાના સપનાની વાત કરી હતી જેને શ્રી સંઘવીએ બિરદાવી હતી. અન્ય એક યુવા અને સ્થાનિક પીઠોરા કલાકાર શ્રી નારણ રાઠવાએ પોતાની ચિત્ર કલાને વૈશ્વિક મંચ પર રજૂ કરવા જરૂરી સહકાર આપવા વિનંતી કરી હતી. તો ધંધોળાના ઉદ્યોગ સાહસિક શ્રી રાહુલ રાઠવાએ તેણે શરૂ કરેલ સનસેટ કાફેની સફળતાની વાત કરી હતી. આ સિવાય હોકી પ્લેયર ઊર્મિલા રાઠોડ અને પ્રજ્ઞાચક્ષુ ક્રિકેટર શ્રી દિનેશ રાઠવાએ પણ પોતાની રમત ક્ષત્રેની પ્રતિભાઓ વિશે જણાવ્યું હતું. શ્રી સંઘવીએ આ પ્રતિભાશાળી યુવાઓના સાહસ અને સફળતાને બિરદાવી હતી. તેમણે હાફેશ્વર ખાતે પેરાગ્લાઈડીંગની ફિઝિબિલિટી તપાસ કરવા અને જિલ્લામાં સ્પોર્ટ્સ માટે વિશાળ મેદાન તૈયાર કરવા જરૂરી કામગીરી કરવા વહીવટી તંત્રને સૂચના આપી હતી. શ્રી સંઘવીએ અન્ય યુવાઓને પણ આવા સકારાત્મક કાર્યોમાં જોડાઈ આદિવાસી સમાજના ગૌરવને ઉજાગર કરતા કાર્યો અને સરકારની યોજનાકીય લાભની માહિતીનો મહત્તમ પ્રચાર કરવા સૌને અપીલ કરી હતી. આ ઉપરાંત નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ વિસ્તારમાં ચાલતા ઈકો ટુરિઝમના ડેવલપમેન્ટ પ્રોજેક્ટનું નિરિક્ષણ કર્યું હતું અને કોઈ પણ નવી શરૂઆતમાં સ્થાનિક આદિવાસીઓના રોજગારને કેન્દ્રમાં રાખીને કાર્ય કરવા સૂચના આપી હતી.

આ અવસરે ઉપસ્થિત યુવાઓએ છોટા ઉદેપુરના લોકપ્રિય ટીમલી નૃત્ય થી શ્રી નાયબ મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કર્યું હતું ત્યારે શ્રી હર્ષ સંઘવી પણ મન મૂકીને યુવાઓ સાથે ટીમલીના તાલે ઝૂમ્યા હતા. આ અવસરે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ઉપેન્દ્ર રાઠવા, સાંસદ શ્રી જશુભાઈ રાઠવા, રાજ્યસભા સાંસદ ડો. મુકેશ રાઠવા, છોટા ઉદેપુર નગરપાલીકા પ્રમુખ શ્રી ઉપેન્દ્ર પટેલ, કલેક્ટર શ્રી ગાર્ગીજૈન, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ઓમકાર શિંદે, પોલીસ અધિક્ષક શ્રી ઈમ્તિયાઝ શેખ સહિત અન્ય સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ શ્રી દ્વારકાધીશજીનાં દર્શને

રાજ્યના સર્વાંગી વિકાસ અને નાગરિકોની સુખ, શાંતિ, સમૃદ્ધિ માટે ભગવાન દ્વારકાધીશજીના ચરણોમાં પ્રાર્થના કરી



કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પવિત્ર યાત્રાધામ દ્વારકામાં જગત મંદિર ખાતે ભગવાન શ્રી દ્વારકાધીશજીના દર્શન કરી ભાવપૂર્વક પૂજા-અર્ચના કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ભગવાન શ્રી દ્વારકાધીશજીના ચરણોમાં શીશ ઝુકાવીને રાજ્યના સર્વાંગી વિકાસ તેમજ સૌની સુખાકારી, શાંતિ, સમૃદ્ધિ કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જગતમંદિરમાં ભગવાન શ્રી દ્વારકાધીશજીના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. તેમણે મંદિર પરિસરમાં દર્શનાર્થીઓનું અભિવાદન પણ જય દ્વારકાધિશ કહીને હાથ જોડીને કર્યું હતું. શ્રીદ્વારકાધીશ મંદિર ટ્રસ્ટ, જિલ્લા કલેક્ટર શ્રી રાજેશ તન્ના તેમજ પૂજારી દ્વારા મુખ્યમંત્રીશ્રીનું દ્વારકાધીશની છબી અર્પણ કરીને તથા ખેસ પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ વેળાએ સાંસદ શ્રીમતી પૂનમબેન માડમ, ધારાસભ્ય શ્રી મુળુભાઈ બેરા અને શ્રી પબુભા માણેક, અગ્રણીશ્રી મયુરભાઈ ગઢવી, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી જયરાજસિંહ વાળા, પ્રાંત અધિકારી શ્રી યશપાલ ગઢવી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપાના 'સેવા દૂત અભિયાન' અંતર્ગત ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં અને પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજીની ઉપસ્થિતિમાં સુરત ખાતે દક્ષિણ ઝોનની કાર્યશાળા યોજાઈ

પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજીએ અલ્પકાલીન વિસ્તારકોને અભિયાન અંતર્ગત સેવા આધારિત જનસંપર્ક અને સંગઠનાત્મક કામગીરી અંગે માર્ગદર્શન આપ્યું

ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકોમાં ૧થી ૨૫ ડિસેમ્બર દરમિયાન બે-બે સેવા દૂત અલ્પકાલીન વિસ્તારક તરીકે કાર્ય કરશે



કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા અને જનકલ્યાણના વિચારને જનસંપર્કના માધ્યમથી સમાજના દરેક વર્ગ સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજિત 'સેવા દૂત અભિયાન' અંતર્ગત આજે સુરત ખાતે દક્ષિણ ઝોનની કાર્યશાળા યોજાઈ હતી. ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં અને પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજીની ઉપસ્થિતિમાં યોજાયેલી આ કાર્યશાળામાં અભિયાનની સમગ્ર કાર્યપદ્ધતિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજીએ ઉપસ્થિત અલ્પકાલીન વિસ્તારકોને સંબોધિત કરતાં અભિયાનને જનતા સાથે સતત સંપર્ક અને સંવાદનું માધ્યમ બનાવવા પર ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રી શ્રીના સેવા સંકલ્પને સંગઠનની કામગીરી સાથે જોડીને દરેક વિધાનસભા ક્ષેત્રમાં નાગરિકો સુધી પહોંચવા, તેમની અપેક્ષાઓ સમજવા અને જનકલ્યાણકારી યોજનાઓની માહિતી અસરકારક રીતે પહોંચાડવા અંગે બંને મહાનુભાવોએ વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, 'સેવા દૂત અભિયાન' ૧ ડિસેમ્બરથી ૨૫ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાનાર છે. આ સમયગાળા દરમિયાન ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકોમાં બે-બે સેવા દૂત અલ્પકાલીન વિસ્તારક તરીકે જવાબદારી નિભાવશે. આ માટે ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો, પૂર્વ સાંસદો, પૂર્વ જિલ્લા પ્રમુખો, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખો, પ્રદેશના વર્તમાન અને પૂર્વ હોદ્દેદારો તથા વરિષ્ઠ આગેવાનોને અન્ય વિધાનસભા ક્ષેત્રોમાં જનસંપર્કની જવાબદારી સોંપવામાં આવી છે. સેવા દૂતો વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ, સરકારની જનકલ્યાણકારી યોજનાઓના સેચ્યુરેશન, સામાજિક સંસ્થાઓ સાથે તેમજ સ્થાનિક નાગરિકો સાથે સંવાદ કરીને વિસ્તારના પ્રશ્નો તથા લોકોની અપેક્ષાઓને સમજશે. સાથે જ સમાજમાં ચર્ચાતા વિવિધ મુદ્દાઓ અને નેરેટિવ અંગે હકીકતલક્ષી માહિતી સાથે સંવાદ સ્થાપિત કરવામાં આવશે.

આ કામગીરી દ્વારા જનભાગીદારી વધારવાની અને સંગઠનના જનસંપર્કને વધુ વ્યાપક બનાવવાની દિશામાં પ્રયાસ કરવામાં આવશે. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ, પ્રદેશ મહામંત્રી શ્રી પ્રશાંતભાઈ કોરાટ, સાંસદ શ્રી મુકેશભાઈ દલાલ, અભિયાનના પ્રદેશ સંયોજક શ્રી જયસિંહ ચૌહાણ, દક્ષિણ ઝોનના જિલ્લા અધ્યક્ષ શ્રી તથા પ્રભારી શ્રી, સેવા દૂતો, સમન્વયકો સહિત આગેવાનો અને અપેક્ષિત કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષસંઘવીએ કવાંટની મોટી ચીખલોડપ્રાથમિક શાળા ખાતે વિદ્યાર્થીઓસાથે ભાવપૂર્વક ભોજન ગ્રહણ કર્યું

શ્રી સંઘવીએ શાળામાં અપાતા નિયત મેનૂ મુજબ પુલાવ, ઢેબરા, શાક અને સલાડનું ભોજન લીધું



કમલમ્,

વિદ્યાર્થીઓ પાસેથી ભોજનની ગુણવત્તા અને વાલીઓ પાસેથી શૈક્ષણિક કાર્યનો ફિડબેક લીધો નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ક્વાંટની મોટી ચીખલોડ પ્રાથમિક શાળા ખાતે વિદ્યાર્થીઓ સાથે ભાવપૂર્વક ભોજન ગ્રહણ કર્યું હતું. શ્રી સંઘવીએ શાળામાં અપાતા નિયત મેનૂ મુજબ પુલાવ, ઢેબરા, શાક અને સલાડનું ભોજન લીધું હતું. આ સાથે તેમણે વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરીને ભોજનની વ્યવસ્થા અને ગુણવત્તા વિશે જાણકારી પણ મેળવી હતી. આ તકે મોટી ચીખલોડના સરપંચ શ્રી પાર્વતીબેન ભગવાનભાઈ રાઠવા પણ ભોજનમાં જોડાયા હતા. સૌએ શાળાની ભોજન પ્રાર્થના ગાઈને ભોજનની શરૂઆત કરી હતી અને આ રીતે શાળાની પરંપરાગત પરિપાટીનું પણ પાલન કર્યું હતું. શ્રી સંઘવીએ અહીં ઉપસ્થિત ગ્રામજનો અને વાલીઓ પાસેથી શાળાની શૈક્ષણિક કામગીરી અંગે ફિડબેક પણ લીધો હતો.

તંત્રી સ્થાનેથી.....

ભારતને વધુ ફિટ અને સ્વસ્થ રાષ્ટ્ર બનાવવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આહવાનને પગલે ડિસેમ્બર ૨૦૨૪ માં શરૂ કરાયેલ 'ફિટ ઇન્ડિયા સન્ડેઝ ઓન સાયકલ' (Fit India Sundays on Cycle) એક રાષ્ટ્રવ્યાપી ચળવળ બની ગઈ છે. જે સાયકલિંગ દ્વારા ફિટનેસને પ્રોત્સાહન આપવા માટે જીવનના તમામ ક્ષેત્રોના લોકોને એકસાથે લાવે છે. આ પહેલ નવી દિલ્હીમાં માત્ર ૨૫૦ સ્થળો અને ૫૦૦ સહભાગીઓ સાથે શરૂ થઈ હતી. બે વર્ષમાં, સન્ડેઝ ઓન સાયકલની આ સીમાચિહ્નરૂપ આવૃત્તિ #IndiaReady4Olympics થીમ હેઠળ ભારતમાં ઓલિમ્પિક ચળવળની ઉજવણીને સમર્પિત છે. કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા પુણેના પિંપરી-ચિંચવડથી ૧૦૦મા સન્ડેઝ ઓન સાયકલની ઉજવણીનું નેતૃત્વ કરશે, જ્યાં લગભગ ૫૦,૦૦૦ સાયકલ સવારો આ ચળવળમાં જોડાશે. (MY Bharat) ના સહયોગથી, દેશભરના દરેક જિલ્લામાં યુવાનો દ્વારા ૧૦૦મા સન્ડેઝ ઓન સાયકલની ઉજવણી કરવામાં આવશે. આ ઉપરાંત, દેશભરના ૧૦૦ અગ્રણી પ્રતિષ્ઠિત સ્થળોએ ઉજવણીનું આયોજન કરવામાં આવશે, જ્યાં ભારતને વધુ ફિટ રાષ્ટ્ર બનાવવા લક્ષ્યને સાકાર કરવા માટે ૧૦૦ ભારતીય ઓલિમ્પિયન્સ આ સીમાચિહ્નરૂપ ઉજવણીમાં જોડાશે. આગામી આવૃત્તિ ઓલિમ્પિક ચળવળના કેન્દ્રમાં રહેલા મૂલ્યોની ઉજવણી કરશેઃ સુશાસન અને અખંડિતતા, નિષ્પક્ષ સ્પર્ધા અને સર્વસમાવેશકતા, ખેલાડીઓનું સ્વાસ્થ્ય અને કલ્યાણ, તથા ટકાઉપણું અને સલામત રમતગમતનો કાયમી વારસો. તે નૈતિકતા, ખેલાડીઓના અવાજ અને મહિલાઓ તથા પેરા-એથ્લેટ્સ સહિત સૌના માટે સમાન તક પર તેના રમતગમતના ભવિષ્યનું નિર્માણ કરવાની ભારતની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે, અને યુવાનોને રમતગમત તથા ફિટનેસને જીવનશૈલી તરીકે અપનાવવા પ્રેરિત કરવાનો પ્રયાસ કરે છે. આ ચળવળ દરરોજ ઓછામાં ઓછી એક ખેલો ફિટનેસને સમર્પિત કરવાના ઉદ્દેશ સાથે, પ્રધાનમંત્રીના "ફિટનેસ કા ડોઝ, આધા ઘંટા રોઝ" ના આહવાનમાંથી પ્રેરણા લે છે. આ પહેલ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના મુખ્ય રાષ્ટ્રીય આહવાનો અને સામાજિક સંદેશાઓને આગળ ધપાવવાના એક પ્લેટફોર્મ તરીકે વિકસિત થઈ છે, જે સામૂહિક જનભાગીદારી દ્વારા તેમને કાર્યમાં રૂપાંતરિત કરે છે. કાઈટ અગેઈન્સ્ટ ઓબેસિટી (સ્થૂળતા સામે લડત), નશા મુક્ત ભારત, પોલ્યુશન કા સોલ્યુશન જેવી થીમ્સ પર કેન્દ્રિત વિશેષ આવૃત્તિઓ દ્વારા, સન્ડેઝ ઓન સાયકલ વર્તણૂકીય પરિવર્તનને પ્રોત્સાહિત કરવા અને નાગરિકોને ફિટ ઇન્ડિયા તથા વિકસિત ભારતના પ્રધાનમંત્રીના વિઝનમાં યોગદાન આપવા પ્રેરિત કરવાનો પ્રયાસ કરે છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા ધરમપુરના શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે 'ઉત્કર્ષ સંવાદ-૨૦૨૬' ચિંતન શિબિરનું આયોજન

સામૂહિક સંવાદ, સામૂહિક વિકાસની થીમ સાથે ત્રણ દિવસીય ચિંતન શિબિરમાં વિભાગના આગામી લક્ષ્યો, ડિજિટલ ગવર્નન્સ, AI આધારિત ઉકેલો અને યોજનાઓના અસરકારક અમલીકરણ અંગે મંથન કરાયું



કમલમ્, ગાંધીનગર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા પ્રથમ વખત ત્રણ દિવસીય ચિંતન શિબિર 'ઉત્કર્ષ સંવાદ-૨૦૨૬'નું આયોજન વલસાડ જિલ્લાના ધરમપુર સ્થિત શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે કરવામાં આવ્યું હતું. વિભાગના સચિવ શ્રી હર્ષદ પટેલ (IAS)ના માર્ગદર્શન અને અધ્યક્ષતામાં યોજાયેલી આ શિબિરમાં વિભાગના વહીવટી અધિકારીઓ, ખાતાના વડાઓ તથા જિલ્લા કક્ષાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. 'સામૂહિક સંવાદ, સામૂહિક વિકાસ'ની થીમ સાથે યોજાયેલી આ શિબિરમાં વિભાગની કામગીરી, વિવિધ યોજનાઓના અસરકારક અમલીકરણ અને ભવિષ્યના આયોજન અંગે વ્યાપક ચિંતન-મંથન કરવામાં આવ્યું હતું. ધરમપુર સ્થિત શ્રીમદ રાજચંદ્ર આશ્રમના પવિત્ર અને આધ્યાત્મિક વાતાવરણમાં યોજાયેલી આ શિબિરમાં સરકારી કામગીરી અને વહીવટી વિષયો પર ચર્ચા-વિચારણા ઉપરાંત સવારના સત્રમાં યોગ, પ્રાણાયામ અને સાઉન્ડ બાથ મેડિટેશન જેવી પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં સચિવાલય ના વહીવટી વિભાગ, ખાતાના વડાઓની કચેરીઓ અને જિલ્લા કક્ષાના અધિકારીઓની વિવિધ ટીમો દ્વારા છે આધારિત ઉકેલો, ડિજિટલ સોલ્યુશન્સ અને ડિજિટલ ગવર્નન્સ, દિવ્યાંગજનો માટે અવરોધમુક્ત વાતાવરણનું નિર્માણ જેવા મહત્ત્વના વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓ, બાળકો, વૃદ્ધો, ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ અને જરૂરિયાત મંદ નાગરિકે સહિત સમાજના દરેક વર્ગ સુધીવિભાગનીવિવિધ યોજનાઓનો મહત્તમ લાભ સરળતાથી અને અસરકારકરીતે પહોંચાડી શકાય તે માટેના ઉપાયો અંગે ખુલ્લા દિલે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, વિભાગ દ્વારા અમલમાં આવી રહેલી વિવિધ યોજનાઓ, તેમાં થયેલા સુધારા-વધારા અને ભવિષ્યમાં અમલમાં મૂકવાની થનારી નવી યોજનાઓ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ શિબિરમાં સરકારી કામગીરી અને વહીવટી વિષયો પર ચર્ચા-વિચારણા ઉપરાંત સવારના સત્રમાં યોગ, પ્રાણાયામ અને સાઉન્ડ બાથ મેડિટેશન જેવી પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં સચિવાલય અને વિવિધ વિભાગોના કામગીરી, વિવિધ યોજનાઓના અસરકારક અમલીકરણ અને ભવિષ્યના આયોજન અંગે વ્યાપક ચિંતન-મંથન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત દરરોજ ઓછામાં ઓછી એક ખેલો ફિટનેસને સમર્પિત કરવાના ઉદ્દેશ સાથે, પ્રધાનમંત્રીના "ફિટનેસ કા ડોઝ, આધા ઘંટા રોઝ" ના આહવાનમાંથી પ્રેરણા લે છે. આ પહેલ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના મુખ્ય રાષ્ટ્રીય આહવાનો અને સામાજિક સંદેશાઓને આગળ ધપાવવાના એક પ્લેટફોર્મ તરીકે વિકસિત થઈ છે, જે સામૂહિક જનભાગીદારી દ્વારા તેમને કાર્યમાં રૂપાંતરિત કરે છે. કાઈટ અગેઈન્સ્ટ ઓબેસિટી (સ્થૂળતા સામે લડત), નશા મુક્ત ભારત, પોલ્યુશન કા સોલ્યુશન જેવી થીમ્સ પર કેન્દ્રિત વિશેષ આવૃત્તિઓ દ્વારા, સન્ડેઝ ઓન સાયકલ વર્તણૂકીય પરિવર્તનને પ્રોત્સાહિત કરવા અને નાગરિકોને ફિટ ઇન્ડિયા તથા વિકસિત ભારતના પ્રધાનમંત્રીના વિઝનમાં યોગદાન આપવા પ્રેરિત કરવાનો પ્રયાસ કરે છે.

સાબરમતી રિવરફ્રન્ટ બનશે ગ્લોબલ સ્પોર્ટ્સ એન્ડ એન્ડ્યુરન્સ ઇવેન્ટ્સનું આદર્શ કેન્દ્ર, અમદાવાદમાં યોજાશે 'આયર્નમેન ૭૦.૩'

ગુજરાત પ્રવાસન વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત રાજ્યને ગ્લોબલ સ્પોર્ટ્સ ટુરિઝમ ડેસ્ટિનેશન તરીકે વિકસાવવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ

- **૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૭ના રોજ યોજનારી ઇન્ટરનેશનલ ટ્રાયથ્લોન સ્પર્ધામાં દેશ-વિદેશના એથ્લીટ્સ સાબરમતી નદીમાં ૧.૯ કિલોમીટર સ્વિમિંગ કરશે**
- **૧.૯ કિલોમીટર સ્વિમિંગ, ૯૦ કિલોમીટર સાઇકલિંગ અને ૨૧.૧ કિલોમીટરની દોડ સહિત કુલ ૧૧૩ કિલોમીટરની સ્પર્ધાનું કેન્દ્ર બનશે સાબરમતી રિવરફ્રન્ટ**

કમલમ્,

અમદાવાદની આગવી ઓળખ અને શહેરી વિકાસના ઉત્કૃષ્ટ ઉદાહરણ તરીકે વિશ્વભરમાં જાણીતા બનેલા સાબરમતી રિવરફ્રન્ટમાં હવે ગ્લોબલ સ્પોર્ટ્સ એન્ડ એન્ડ્યુરન્સ ઇવેન્ટ્સ સેન્ટર તરીકેના વિકાસની નવી સંભાવનાઓ ઊભી થઈ રહી છે. આગામી ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૭ના રોજ ગુજરાતમાં પ્રથમ વખત વિશ્વપ્રસિદ્ધ 'આયર્નમેન ૭૦.૩ અમદાવાદ' ટ્રાયથ્લોન સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં દેશ-વિદેશના એથ્લીટ્સ સાબરમતી નદીમાં ૧.૯ કિલોમીટર સ્વિમિંગ કરશે. ગુજરાત પ્રવાસન વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત યોજાનારી આ સ્પર્ધા સાબરમતી રિવરફ્રન્ટને સ્વિમિંગ સહિતની એન્ડ્યુરન્સ સ્પોર્ટ્સ (લાંબા અંતરની રમતગમત સ્પર્ધા) માટેના આદર્શ સ્થળ તરીકે વિકસાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું બની રહેશે. આયર્નમેન ગ્રુપ દ્વારા ગુજરાતમાં પ્રથમ વખત આ સ્પર્ધાનું આયોજન કરવાની જાહેરાત કરવામાં આવી છે. ભારતમાં એન્ડ્યુરન્સ સ્પોર્ટ્સ પ્રત્યે વધી રહેલા ઉત્સાહને ધ્યાનમાં રાખીને ગોવા બાદ હવે અમદાવાદની પસંદગી કરવામાં આવી છે. આ આયોજનથી એશિયા-પેસિફિક ક્ષેત્રમાં એન્ડ્યુરન્સ સ્પોર્ટ્સ માટે ઝડપથી વિકસી રહેલા દેશ તરીકે ભારતની સ્થિતિ વધુ મજબૂત બનશે. આયર્નમેનના કન્ટ્રી હેડ શ્રી દિપક રાજે ગઈકાલે અન્ય ૧૨ એથ્લીટ્સની સાથે રહીને અટલ બ્રિજ પાસે સાબરમતી નદીમાં સ્વિમિંગ કર્યું હતું અને નદીના પાણીની ગુણવત્તા તથા અન્ય વ્યવસ્થાઓ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો તથા આયર્નમેન ૭૦.૩ ઈવેન્ટ યોજવા અંગે ઉત્સાહ દર્શાવ્યો હતો. આયર્નમેન ૭૦.૩ વિશ્વની સૌથી પ્રતિષ્ઠિત ટ્રાયથ્લોન સ્પર્ધાઓ પૈકીની એક છે, જેમાં એથ્લીટ્સની શારીરિક ક્ષમતા, સહનશક્તિ અને માનસિક દ્રઢતાની કસોટી થાય છે. આ સ્પર્ધામાં એથ્લીટ્સે અનુક્રમે ૧.૯ કિલોમીટર સ્વિમિંગ, ૯૦ કિલોમીટર સાઇકલિંગ અને ૨૧.૧ કિલોમીટર દોડ સહિત કુલ ૧૧૩ કિલોમીટર (૭૦.૩ માઇલ)નું અંતર પૂર્ણ કરવાનું રહેશે. અમદાવાદમાં યોજાનારી આ સ્પર્ધાના ત્રણેય તબક્કામાં સાબરમતી નદી અને રિવરફ્રન્ટ કેન્દ્રસ્થાને રહેશે. સ્પર્ધાનો પ્રારંભ ૧૪ ફેબ્રુઆરીના રોજ સવારે ૭ વાગ્યે સાબરમતી નદીમાં અટલ બ્રિજની નીચેથી સ્વિમિંગ સાથે થશે. એથ્લીટ્સ નદીમાં નિર્ધારિત રૂટ પર ૧.૯ કિલોમીટરનું અંતર પૂર્ણ કરશે. સાબરમતી નદીમાં પાણીનો શાંત અને નહીંવત્ પ્રવાહ સ્વિમિંગ માટે અનુકૂળ પરિસ્થિતિ પૂરી પાડવાની સંભાવના ધરાવે છે. સ્વિમિંગ પૂર્ણ કર્યા બાદ એથ્લીટ્સ શહેરના માર્ગ અને સાબરમતી રિવરફ્રન્ટે આવરી લેતા રૂટ પર ૩૦ કિલોમીટરના ત્રણ રાઉન્ડમાં કુલ ૯૦ કિલોમીટર સાઇકલિંગ કરશે. સ્પર્ધાના અંતિમ તબક્કામાં એથ્લીટ્સ સાબરમતી રિવરફ્રન્ટના વાકવે પર ત્રણ રાઉન્ડમાં કુલ ૨૧.૧ કિલોમીટરની દોડ પૂર્ણ કરશે અને અટલ બ્રિજ પરથી પસાર થઈને સ્પર્ધાના સમાપન સ્થળે પહોંચશે. સાબરમતી રિવરફ્રન્ટની ક્ષમતાને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રદર્શિત કરવા માટે પણ એક મહત્વપૂર્ણ મંચ પૂરો પાડશે. વર્ષ ૨૦૩૦માં અમદાવાદમાં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સના પરિપ્રેક્ષ્યમાં પણ આયર્નમેન ૭૦.૩ જેવી ગ્લોબલ એન્ડ્યુરન્સ સ્પોર્ટ્સ ઈવેન્ટનું આયોજન વિશેષ મહત્વ ધરાવે છે. આંતરરાષ્ટ્રીય એથ્લીટ્સના આગમનથી લઈને સ્પર્ધાના આયોજન, સુરક્ષા, પરિવહન અને પ્રવાસન સેવાઓ સુધીની વિવિધ વ્યવસ્થાઓનો અનુભવ મેળવવાની તકશહેરને મળશે.



વ્યારા કૉલેજમાં સંવિધાન ગૌરવ દિવસની ઊજવણી કરવામાં આવી

કમલમ્,

શ્રી ર.ફ. દાબુકેળાવણી મંડળ સંચાલિત શ્રીમતી આર. પી. ચૌહાણ આર્ટ્સ અને શ્રીમતી જે. કે. શાહ અને શ્રી કે. ડી. શાહ કોમર્સ કૉલેજ, વ્યારા, જિ. તાપી ખાતે વિદ્યાર્થીઓ અને કૉલેજ પરિવારની ઉપસ્થિતિમાં "સંવિધાન ગૌરવ દિવસ" ની ઊજવણી કરવામાં આવી હતી. સહુ પ્રથમ સંવિધાનની પ્રસ્તાવનાનું વાચન અને સંવિધાનને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે કૉલેજના આચાર્યશ્રી ડૉ. હિતેન્દ્રસિંહ ખરવાસિયાએ ૨૬ નવેમ્બર ૧૯૪૯ના ઐતિહાસિક દિવસની વાતો કરી બંધારણ સભાના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્રપ્રસાદ અને બંધારણ ડ્રાફ્ટ કમિટીના અધ્યક્ષ તથા બંધારણ ઘડતરમાં જેમનું ખુબ મોટું યોગદાન હતું એવા ડૉ. ભીમરાવ આંબેડકર સાહેબ અને અન્ય મહાન વિભૂતીઓની દીર્ઘદૃષ્ટી અને અથાગ પરિશ્રમનું શ્રેષ્ઠ પરિણામ એટલે ભારતનું બંધારણ એમ જણાવી બંધારણે ભારતની લોકશાહી અને તેના નાગરિકોને સમાનતા, સ્વતંત્રતા અને ન્યાયની ખાતરી આપી છે જેઆજે દુનિયાના લોકશાહી દેશો માટે પ્રેરણારૂપ છે. આપણા બંધારણે ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાનો સંદેશ આપ્યો છે તથા જાતી, ધર્મ, ભાષા કે લિંગના ક્રેડપણ ભેદભાવ વિના દરેક નાગરિકને વિકાસ કરવાની સમાન તક મળે તેવી વ્યવસ્થા આપણા બંધારણે કરી છે એમ જણાવી શાળા-કૉલેજમાં અભ્યાસ કરતા યુવા વિદ્યાર્થીઓએ આપણા બંધારણનું મહત્વ, સર્વાંપરિતા, દેશ અને નાગરિકો તથા લોકશાહીના સર્વાંગી વિકાસમાં બંધારણે આપેલા યોગદાનથી પાતપોતાના વિસ્તારના રહીશોને માહિતગાર કરવા અનુરોધ કરી બંધારણની ગરિમા જાળવવા જણાવ્યું હતું. કૉલેજના માનનીય ઉપાચાર્યશ્રી ડૉ. વસંત ભાઈ ગામીતે બંધારણના મૂલ્યો અને આદર્શોને જીવનમાં ઉતારી ભારતનું સંવિધાન શ્રેષ્ઠ અને સર્વપરી છે તેમ જણાવી દરેકે બંધારણની ભાવનાને જાળવી રાખી લોકશાહી સંસ્થાઓનું માન અને સન્માન જાળવી દેશની એકતા અને અખંડિતતાને કોઈપણ પ્રકારનું નુકશાન ન પહોંચે તે માટે યુવાનોને આગળ આવવા આહ્વાન કરી જાગૃત નાગરિક તરીકે દેશની જાહેર સંપત્તિ અને મિલકતોનું રક્ષણ કરી સમાજકીય સમ્રસતાના વિચારોને જીવનમાં ઉતારવા અનુરોધ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને કાર્યક્રમની રૂપરેખા પ્રા. દક્ષાબેન ટંડેલે કરી હતી. કાર્યક્રમના અંતે આભારવિધિ ડૉ. યજ્ઞ વ્યાસે કરી હતી.





ભાજપાના 'સેવા દૂત અભિયાન' અંતર્ગત આજે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં અને પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજીની ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્', કોબા, ગાંધીનગર ખાતે ઉત્તર અને મધ્ય ઝોનની કાર્યશાળા યોજાઈ

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજીએ બેઠકમાં અભિયાનના ઉદ્દેશો, આયોજન અને કાર્યસૂચિ અંગે અલ્પકાલીન વિસ્તારકોને વિસ્તૃત માર્ગદર્શન આપ્યું









પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા, સમર્પણ અને જનકલ્યાણના સંદેશ તેમજ કેન્દ્ર અને રાજ્યની ભાજપા સરકારની વિવિધ જનકલ્યાણની યોજનાઓને જન-જન સુધી પહોંચાડાશે

કમલમ્,

ભારતીય જનતા પાર્ટીના 'સેવા દૂત અભિયાન' અંતર્ગત આજે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અધ્યક્ષતામાં અને પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજીની ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્', કોબા, ગાંધીનગર ખાતે ઉત્તર અને મધ્ય ઝોનની કાર્યશાળા યોજાઈ હતી. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રવ્યાપી 'સેવા દૂત અભિયાન' અંતર્ગત આજે અભિયાનના પ્રદેશ સંયોજક અને રાજ્ય સરકારના પૂર્વ મંત્રી શ્રી જયસિંહ ચૌહાણે મીડિયા સમક્ષ માહિતી આપતાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા, સમર્પણ અને જનકલ્યાણના સંદેશ તેમજ કેન્દ્ર અને રાજ્યની ભાજપા સરકારની વિવિધ જનકલ્યાણની યોજનાઓને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશથી ભારતીય જનતા પાર્ટી દ્વારા ૧ ડિસેમ્બરથી ૨૫ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી 'સેવા દૂત અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું છે. પ્રત્યેક વિધાનસભામાં ૨૫ દિવસ સુધી ૨ સેવા દૂત અલ્પકાલીન વિસ્તારક તરીકે કાર્ય કરશે. આ અભિયાન અંતર્ગત ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો, પૂર્વ સાંસદો, પૂર્વ જિલ્લા પ્રમુખો, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખો, પ્રદેશ કક્ષાના વર્તમાન અને પૂર્વ હોદ્દેદારો તેમજ પક્ષના વરિષ્ઠ આગેવાનો અન્ય વિધાનસભા ક્ષેત્રમાં સેવા દૂત તરીકે જનતા વચ્ચે જશે. અભિયાનની કામગીરી સુચ્યસ્થિત અને પરિણામલક્ષી બને તે માટે જિલ્લા સ્તરે એક સ્થાનિક આગેવાન સમન્વયક તરીકે જવાબદારી નિભાવશે.

શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજીએ આજની બેઠકમાં અભિયાનના ઉદ્દેશો, આયોજન અને કાર્યસૂચિ અંગે સેવા દૂત તરીકે ૧૮૨ વિધાનસભા ક્ષેત્રોમાં જનાર આગેવાનોને વિસ્તૃત માર્ગદર્શન આપ્યું છે.

આ અભિયાન માત્ર જનસંપર્ક પૂરતું સીમિત નથી, પરંતુ સરકારની જનકલ્યાણકારી યોજનાઓ અને સંગઠન વચ્ચે જનતાને જોડવાની સાથે લોકોની સમસ્યાઓને સમજવા, તેમના ઉકેલ માટે પ્રયાસ કરવા, તથા જનભાગીદારી વધારવાનું વ્યાપક અભિયાન છે. તેમણે કહ્યું કે, સેવા દૂત તરીકે વિધાનસભામાં જનાર અલ્પકાલીન વિસ્તારકો દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી લોકો સુધી પહોંચાડવામાં આવશે અને વધુમાં વધુ પાત્ર નાગરિકો આ યોજનાઓનો લાભ કેવી રીતે મેળવી શકે તે અંગે પરામર્શ કરવામાં આવશે. સાથેજ સરકારી યોજનાઓના લાભાર્થીઓની સફળતાની કહાનીઓ, તેમના અનુભવો અને પ્રતિભાવોનું સંકલન કરવામાં આવશે, જેથી સરકારની યોજનાઓની વાસ્તવિક અસર અને લોકો સુધી પહોંચેલી સેવાઓનું મૂલ્યાંકન થઈ શકે.

આ ઉપરાંત, અભિયાન દરમિયાન નાગરિકોના સ્થાનિક પ્રશ્નોને ઓળખી તેના ઉકેલ માટે પ્રયાસો કરવામાં આવશે. સમાજમાં પ્રવર્તતા વિવિધ પ્રશ્નો અને નેરેટિવ અંગે લોકો સાથે સંવાદ સ્થાપી હકીકતલક્ષી માહિતી પહોંચાડવામાં આવશે.

અભિયાનની દૈનિક કામગીરી, જનસંપર્કની વિગતો અને અન્ય પ્રવૃત્તિઓની માહિતી પ્રદેશ કક્ષાએ સંકલન કરવામાં આવશે. તેમણે કહ્યું કે, ગુજરાતમાં ઝોન સ્તરે અભિયાનની તૈયારીઓના ભાગરૂપે ગઈકાલે ૨૬ નવેમ્બરના રોજ રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર ઝોનની બેઠક યોજાઈ હતી.

આજે પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે ઉત્તર અને મધ્ય ઝોનની કાર્યશાળા યોજાઈ છે, જ્યારે આવતીકાલે દક્ષિણ ઝોન અને દાદરા નગર હવેલી વિસ્તારની બેઠક સુરત ખાતે યોજાશે.

શ્રી ચૌહાણે અંતમાં જણાવ્યું હતું કે, 'સેવા દૂત અભિયાન'ના માધ્યમથી સેવા, સંવાદ અને જનભાગીદારીને સંગઠનની કાર્યપદ્ધતિ સાથે જોડીને સરકારની યોજનાઓનો લાભ છેવાડાના નાગરિક સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

રાષ્ટ્રવ્યાપી સ્તરે યોજાઈ રહેલા આ કાર્યક્રમને પક્ષની એક વિશેષ પહેલ છે, જેમાં જનકલ્યાણની યોજનાઓને વધુ વ્યાપક બનાવવાની તથા જનતા સાથે સીધો સંપર્ક કરી તેમની અપેક્ષાઓ જાણવાની કામગીરી કરવામાં આવશે.

આજની આ બેઠકમાં પ્રદેશ મહામંત્રી શ્રીઓ શ્રી અનિરુદ્ધભાઈ દવે, શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, જિલ્લા તથા મહાનગરના અધ્યક્ષ અને પ્રભારી, અભિયાનની પ્રદેશ ટીમ, વિધાનસભા ઈઠ સેવા દૂત તરીકે જનાર અલ્પકાલીન વિસ્તારકો, સમન્વયક સહિત અપેક્ષિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

શાહીબાગ વોર્ડમાં વિવિધ ડ્રેનેજલાઈનના વિકાસકામોનું રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાના હસ્તે ખાતમુહૂર્ત કરાયું

શાહીબાગ વોર્ડમાં વિકાસ કામો થકી નાગરિકોની પ્રાથમિક તથા માળખાકીય સુવિધાઓને વધુ સુદૃઢ બનાવશે



કમલમ્,

નાગરિકોની પ્રાથમિક સુવિધાઓમાં વધારો કરવા અને માળખાકીય સુવિધાઓને વધુ સુદૃઢ બનાવવાના ઉદ્દેશ્ય સાથે, અમદાવાદના શાહીબાગ વોર્ડમાં વિવિધ ડ્રેનેજ લાઈનના વિકાસકામોનું ખાતમુહૂર્ત શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાની વિશેષ ઉપસ્થિતિમાં સંપન્ન થયું હતું. રાજ્ય સરકારની ૦૭:૨૦:૧૦ યોજના અંતર્ગત ધારાસભ્યશ્રીના બજેટની ૨૦% રકમ પાંચ લાખ રૂપિયા) ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાનું કામ તેમજ બસંત બહાર એપાર્ટમેન્ટમાં અંદાજિત અગિયાર લાખ ચોરાણું હજાર છસો અઠ્ઠાવન રૂપિયાના ખર્ચે (ધારાસભ્યશ્રીના બજેટની ૨૦% રકમ બેલાખ ઓગણચાલીસહજાર રૂપિયા) નવી ડ્રેનેજ પાઈપલાઈન નાંખવાના કામોનો સમાવેશ થાય છે. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ નવી ડ્રેનેજ લાઈનો નાંખવાની કામગીરી પૂર્ણ થવાથી સ્થાનિક સોસાયટી અને એપાર્ટમેન્ટના રહીશોને ચોમાસા દરમિયાન પાણી ભરાવાની તેમજ ગટર ઉભરાવાની સમસ્યામાંથી કાયમી રાહત મળશે. આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં સ્થાનિક કાઉન્સિલરશ્રીઓ, પદાધિકારીઓ, કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં સોસાયટીના સહીશો ઉપસ્થિત રહ્યા હતા.

એકતાનગર ખાતે રૂ. ૯૦૦ કરોડના ખર્ચે બનશે 'ગુજરાત વંદના મ્યુઝિયમ'

મ્યુઝિયમમાં ઓડિએન્ટેશન ગેલેરી, ઓડિટોરિયમ, ગૌરવ ગેલેરી, બાઉંટીફૂલ ગેલેરી, ઉત્સવ ગેલેરી જેવી વિવિધ સાત વિશેષ ગેલેરીઓ બનશે







હોલોગ્રાફિક પ્રસ્તુતિઓ, અત્યાધુનિક ઉપકરણો, મોબાઈલ એપ્લિકેશન્સ તથા સ્માર્ટફોન સાથે સંકલિત ઇન્ટરએક્ટિવ પ્રોજેક્શનના ઉપયોગથી મુલાકાતીઓને વાસ્તવિક અનુભવ કરાવાશે

કમલમ્,

ગુજરાતના ગૌરવવંતા ઈતિહાસ, સમૃદ્ધ વારસા અને વિકાસયાત્રાને વૈશ્વિક સ્તરે ઉજાગર કરવાના હેતુથી એકતાનગર ખાતે રૂ. ૯૦૦ કરોડના ખર્ચે અત્યાધુનિક 'ગુજરાત વંદના મ્યુઝિયમ' તૈયાર કરવામાં આવશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબમુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવતા આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટનો મુખ્ય હેતુ રાજ્યના નાગરિકોમાં ગુજરાતના ઈતિહાસ માટે ગર્વની લાગણી જગાવી દેશ-વિદેશના પ્રવાસીઓને ગુજરાતની સંસ્કૃતિ અને ઈતિહાસથી માહિતગાર કરવાનું છે. આ મ્યુઝિયમના નિર્માણથી ગુજરાતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને પ્રવાસન ક્ષેત્રે એક નવો અધ્યાય શરૂ થશે. 'ગુજરાત વંદના મ્યુઝિયમ' ગુજરાતની ભવ્ય ગાથા અને તેની વિકાસયાત્રાને અદ્ભુત રીતે ઉજાગર કરશે. આ ભવ્ય મ્યુઝિયમને મુલાકાતીઓ સરળ અને યાદગાર અનુભવ બનાવવા હેતુથી કુલ સાત વિશેષ ગેલેરીઓમાં વહેંચવામાં આવ્યું છે. જેમાં ઓરિએન્ટેશન ગેલેરી, ઓડિટોરિયમ, ગૌરવ ગેલેરી, બાઉંટીફૂલ ગેલેરી, ઉત્સવ ગેલેરી, શિલ્પ ગેલેરી અને ગુજરાતનું ભવિષ્ય ગેલેરીનો સમાવેશ થાય છે. આ ગેલેરીઓ દ્વારા ગુજરાતની શૌર્ય ગાથા, સ્વતંત્રતા સંગ્રામમાં યોગદાન, મહાગુજરાત ચળવળ તેમજ રાજ્યની સ્વતંત્ર ઓળખને સુંદર રીતે આવરી લેવામાં આવશે. આ સંગ્રહાલયની સૌથી મોટી વિશેષતા તેમાં વપરાયેલી અત્યાધુનિક ટેકનોલોજી છે. મુલાકાતીઓને વાસ્તવિક અનુભવ કરાવવા માટે હોલોગ્રાફિક પ્રસ્તુતિઓ, અત્યાધુનિક ઉપકરણો, મોબાઈલ એપ્લિકેશન્સ તથા સ્માર્ટ ફોન સાથે સંકલિત ઇન્ટરએક્ટિવ પ્રોજેક્શનોનો સક્રિય ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, મુલાકાતીઓ વધુ

ગુજરાતની શૌર્ય ગાથા, સ્વતંત્રતા સંગ્રામમાં ગુજરાતીઓના યોગદાન અને મહાગુજરાત ચળવળને ગેલેરીઓ દ્વારા સુંદર રીતે દર્શાવાશે

અસરકારક રીતે ગુજરાતના સમૃદ્ધ વારસાનો અનુભવ કરી શકે તે માટે છ R-Augmented Reality અને VR-Virtual Reality આધારિત અદભુત અનુભવો પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. પ્રવાસીઓ માટે અહીં એક્સ-ક્લુઝિવ ફૂડ કોર્ટ પણ, ઓપન સ્પેસ, શાંતિપૂર્વક બેસીને વિચાર-મંથન કરી શકાય તેવી ખુલ્લી બેઠક વ્યવસ્થા તેમજ કલા કેફેમ જેવી તમામ આધુનિક સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવશે.

આ મ્યુઝિયમ ગુજરાતના ગૌરવવંત ઇતિહાસ, સમૃદ્ધ વારસા અને વિકાસયાત્રાને વૈશ્વિક સ્તરે ઉજાગર કરશે

મહેસૂલ રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાએ માંડવી ખાતે સોશિયલ મીડિયા અને આઈ.ટી. વિભાગની કામગીરીની સમીક્ષા કરી

સ્થાનિક સ્તરે ઈ-કનેક્ટિવિટી વધુ સુદૃઢ બનાવવા અને વોટ્સએપ નેટવર્કના અસરકારક ઉપયોગ પર ભાર મૂક્યો



કમલમ્,સુરત

મહેસૂલ રાજ્યમંત્રીશ્રી સંજયસિંહ મહિડાના માંડવી વિધાનસભા મતવિસ્તારના ૭૨ કલાકના પ્રવાસ કાર્યક્રમ અંતર્ગત માંડવી સ્થિત ફોરેસ્ટ રેસ્ટ હાઉસ ખાતે સોશિયલ મીડિયા અને આઈ.ટી. વિભાગની કામગીરી અંગે સમીક્ષા કરવામાં આવી હતી. આ દરમિયાન સ્થાનિક સ્તરે ઈ-કનેક્ટિવિટીની વર્તમાન સ્થિતિ, સોશિયલ મીડિયા માધ્યમોની ઉપયોગિતા તેમજ વોટ્સએપ નેટવર્કને વધુ મજબૂત અને અસરકારક બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. સરકારી યોજનાઓ, વિકાસલક્ષી કામગીરી અને જનહિતલક્ષી માહિતીનો સંદેશ છેવાડાના નાગરિકો સુધી સમયસર પહોંચે તે માટે ડિજિટલ માધ્યમોના સુદૃઢ ઉપયોગના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. સ્થાનિક સ્તરે માહિતીના ઝડપી આદાન-પ્રદાન, જનસંપર્ક અને સંકલનને વધુ અસરકારક બનાવવા માટે ટેક્નોલોજી આધારિત વ્યવસ્થાને મજબૂત બનાવવાની દિશામાં જરૂરી ચર્ચા કરવામાં આવી હતી.

શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજા સુરત જિલ્લાના મહુવા વિધાનસભા વિસ્તારના ત્રિદિવસીય પ્રવાસે

બારડોલી તાલુકાના મટી ગામે નિર્માણાધીન રેલવે ઓવરબ્રિજની કામગીરીનું સ્થળ નિરીક્ષણ કરતા શિક્ષણ રાજ્યમંત્રી



મટી અને માંડવીને જોડતા રેલવે ઓવરબ્રિજનું કામ ઝડપભેર પૂર્ણ થાય તે માટે જરૂરી માર્ગદર્શન અને દિશાનિર્દેશો આપ્યા

કમલમ્,સુરત

રાજ્યના ૧૪ આદિવાસી જિલ્લાઓની વિધાનસભા વિસ્તારોમાં રાજ્ય સરકારના મંત્રીશ્રીઓના ૭૨ કલાકના વિધાનસભા પ્રવાસ કાર્યક્રમ અંતર્ગત પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી રિવાબા જાડેજાએ પ્રવાસના પ્રથમ દિવસે મહુવા કુમાર છાત્રાલયના વિદ્યાર્થીઓ સાથે બપોરનું ભોજન ગ્રહણ કર્યું હતું. સહભોજન દરમિયાન મંત્રીશ્રીએ છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓ સાથે મુક્ત મને અને આત્મીયતા પૂર્વક સંવાદ કર્યો હતો. તેમણે વિદ્યાર્થીઓના અભ્યાસ, તેમના રસના વિષયો, ભવિષ્યની કારકિર્દી અંગેના લક્ષ્યો તેમજ શોખ વિશે વિગતવાર પૃચ્છા કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ વેળાએ મહુવાના ધારાસભ્ય શ્રી મોહનભાઈ ઢોડિયા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી સમીર મોદી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવેન્દ્રપ્રકાશ મીના, જિલ્લા પોલીસ વડાશ્રી રાજેશ ગઢીયા સહભોજનમાં જોડાયા હતા.

જાહેરાત

ડિજિટલ ક્લાસરૂમ્સ ઓન વ્હીલ્સ

સુરત જિલ્લા પંચાયત અને ટોયોટા કિર્લોસ્કર કંપનીની પહેલ 'ટોયોટા ઈ-કક્ષા બસ'ની મુલાકાત લેતા શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજા

'ટોયોટા ઈ-કક્ષા બસ'થી ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને મળી રહ્યું છે કોમ્પ્યુટર ડિજિટલ શિક્ષણ



કમલમ્,સુરત

શિક્ષણ રાજ્યમંત્રી શ્રીમતી રિવાબા જાડેજાએ સુરત જિલ્લાના મહુવા મામલતદાર કચેરી ખાતે આયોજિત વિકાસકામોની સમીક્ષા બેઠક પહેલા સુરત જિલ્લા પંચાયત અને ટોયોટા કિર્લોસ્કર કંપનીની ડિજીટલ ક્લાસરૂમ્સ ઓન વ્હીલ્સ' પહેલ અંતર્ગત કાર્યરત 'ટોયોટા ઈ-કક્ષા બસ'ની મુલાકાત લીધી હતી અને આ પહેલ વિષે તલસ્પર્શી જાણકારી મેળવી હતી. સરકારી શાળાઓના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત ડિજિટલ શિક્ષણ અને કમ્પ્યુટર તાલીમ મળી રહે એ માટે 'ટોયોટા ઈ-ક્લાસ બસ' (હરતી-ફરતી એજ્યુકેશન બસ) સુરત જિલ્લાના પાંચ બ્લોકમાં કરે છે અને ડિજીટલ વર્ગખંડ તરીકે કાર્ય કરે છે. મોબાઈલ ક્લાસરૂમના માધ્યમથી કમ્પ્યુટર શિક્ષણ આપવાના આ પ્રકલ્પની તેમણે સરાહના કરી હતી. દર મહિને આશરે ૧૦ થી ૧૫ સરકારી શાળાના વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવતા હોવાની વિગતો સંબંધિત અધિકારીઓએ મંત્રીશ્રીને આપી હતી. સંપૂર્ણ વાતાનુકૂલિત મોબાઈલ કમ્પ્યુટર બસમાં દરેક બેચમાં ૨૦ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવે છે. દરેક વિદ્યાર્થી માટે અલગ કમ્પ્યુટરની સુવિધા છે. મૂળભૂત કમ્પ્યુટર કોર્સ ૧૪ ડિજિટલ પીરિયડ તેમજ બેપ્રશિક્ષિત ઈન્સ્ટ્રક્ટર, ઈન્ટરનેટ કનેક્ટિવિટી, સ્માર્ટબોર્ડ અને પી.ટ સાથે અભ્યાસ સામગ્રીના ઉપયોગથી વિદ્યાર્થીઓને કમ્પ્યુટર શિક્ષણ આપવામાં આવે છે.. વિદ્યાર્થીઓની શીખવાની પ્રગતિ માપવા વ્યક્તિગત પ્રી-અસેસમેન્ટ અને પોસ્ટ-અસેસમેન્ટ કરવામાં આવે છે. કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અપાય છે.

સરકારી યોજનાઓના ઝડપી મૂલ્યાંકન માટે 'ટ્રાન્સફોર્મિંગ સર્વે ઇકોસિસ્ટમ વેબ પોર્ટલ'નો શુભારંભ કરવાતા મૂલ્યાંકન વિભાગના સચિવ શ્રી આદ્રા અગ્રવાલ



કમલમ્,

સરકારી યોજનાઓના મૂલ્યાંકનને વધુ ઝડપી, પારદર્શી અને સુયવ્યવસ્થિત બનાવવાના હેતુથી આજે ગાંધીનગર ખાતે મૂલ્યાંકન વિભાગના સચિવ શ્રી આદ્રા અગ્રવાલના હસ્તે નવા ડિજિટલ પ્લેટફોર્મ 'ટ્રાન્સફોર્મિંગ સર્વે ઇકોસિસ્ટમ વેબ પોર્ટલ'નો શુભારંભ કરવામાં આવ્યો હતો. મૂલ્યાંકન નિયામકશ્રીની કચેરી દ્વારા રાજ્યના વિવિધ વિભાગોના સચિવો અને વરિષ્ઠ અધિકારીઓને નવનિર્મિત મૂલ્યાંકન પોર્ટલની કાર્યપ્રણાલીથી અવગત કરાવવા માટે એક વિશેષ તાલીમ અને માર્ગદર્શન સત્રનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. મૂલ્યાંકન વિભાગના સચિવ શ્રી આદ્રા અગ્રવાલે જણાવ્યું હતું કે, શિક્ષણ, આરોગ્ય અને કૃષિ જેવા મુખ્ય ક્ષેત્રોમાં અમલમાં મુકાયેલી રાજ્ય સરકારની મહત્વપૂર્ણ યોજનાઓ પોતાના નિર્ધારિત હેતુઓ પાર પાડી રહી છે કે કેમ, તેની ચકાસણી મૂલ્યાંકન નિયામકશ્રીની કચેરી દ્વારા કરવામાં આવે છે. આ યોજનાઓ લાભાર્થીઓના સામાજિક-આર્થિક જીવનમાં માપી શકાય તેવો સુધારો લાવી રહી છે કે નહીં, તેનું પણ સચન મૂલ્યાંકન થાય છે. અગાઉ, વહીવટી બદલીઓ અને વિભાગીય માહિતીની લાંબી આપ-લેના કારણે મૂલ્યાંકન અભ્યાસોમાં સમય લાગતો હતો, જેના પરિણામે ભલામણોનો તાત્કાલિક અમલ કરવાની અસરકારકતા ઘટી જતી હતી. જોકે, આ નવા ડિજિટલ પોર્ટલના માધ્યમથી સરકારી યોજનાઓનું મૂલ્યાંકન હવે ઓછા સમયમાં થઈ શકશે અને કાર્યક્રમ ભલામણો સમયસર મળી શકશે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. મૂલ્યાંકન વિભાગના સચિવ શ્રી આદ્રા અગ્રવાલે નવા પોર્ટલની મુખ્ય વિશેષતાઓ અંગે માહિતી આપતા ઉમેર્યું હતું કે, આ પ્લેટફોર્મ દ્વારા વિભાગો હવે સીધા ઓનલાઈન યોજનાઓના મૂલ્યાંકન માટેની માંગણી રજૂ કરી શકશે. તેનાથી કાગળની કાર્યવાહી અને સંદેશાવ્યવહારમાં થતા વિલંબનો અંત આવશે. આ ઉપરાંત, વિશિષ્ટ યુઝર ક્રેડેન્શિયલ્સ ધરાવતા વિભાગીય અધિકારીઓ પોર્ટલ પર એક નજરમાં પોતાના અભ્યાસની વર્તમાન સ્થિતિ—ફિલ્ડ સર્વેથી લઈને ડ્રાફ્ટ રિપોર્ટ તૈયાર થવા સુધીની તમામ વિગતો—જાણી શકશે. ફિલ્ડ સર્વેનો ડેટા સીધો ઓનલાઈન સિસ્ટમ દ્વારા સંકલિત અને પ્રસારિત થશે, જેનાથી કામગીરીમાં પારદર્શિતા, ડેટાની વિશ્વસનીયતા અને ઝડપી વિશ્લેષણ સુનિશ્ચિત થશે. આ મૂલ્યાંકન પોર્ટલની કાર્યપ્રણાલી અંગેની તાલીમ અને માર્ગદર્શન સત્રમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોના સંયુક્ત સચિવ અને નાયબ સચિવ સહિત અનેક ઉચ્ચ અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સત્ર દરમિયાન અધિકારીઓને પ્લેટફોર્મના સક્રિય ઉપયોગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને ટેક્નિકલ ટીમ દ્વારા કાર્યકારી પ્રશ્નોનું નિરાકરણ લાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાના અધ્યક્ષસ્થાને સુરત જિલ્લાના મહુવા ખાતે વિકાસ કામોની સમીક્ષા બેઠક યોજાઈ

વિકાસ કામો ઝડપી, પારદર્શક અને ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી



કમલમ્,સુરત

શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ સુરત જિલ્લાના મહુવા મામલતદાર કચેરીના સભાખંડમાં બેઠક યોજીને ૧૭૦-મહુવા વિધાનસભા અંતર્ગત મહુવા, અંબિકા, વાલોડ અને બારડોલી વિસ્તારના માંડવી, અરેઠ, સોનગઢ, ઉકાઈ અને માંડવી નગરપાલિકાના વિકાસ ક્રમોની સમીક્ષા કરી હતી. તેમણે તાજેતરમાં પૂર્ણ થયેલા અને પ્રગતિમાં રહેલા અને પેન્ડિંગ કામો સહિત વિવિધ વિકાસલક્ષી કામો અને જનહક્ષી યોજનાઓના અમલીકરણની સમીક્ષા કરી હતી. મંત્રીશ્રીએ આવાસ, વીજળી, રસ્તા, બ્રિજ, પીવાનું પાણી, અન્ન અને પુરવઠા, સિંચાઈ, આરોગ્ય કેન્દ્રો, શાળાઓ સહિત કલ્યાણ યોજનાઓના અમલીકરણ અને વિવિધ વિકાસલક્ષી કામોની પ્રગતિની સમીક્ષા કરી હતી. મંત્રીશ્રીએ વિવિધ કારણોસર પેન્ડિંગ રહેલા કામોની સ્થિતિની વિગતવાર માહિતી મેળવી હતી. તેમણે સંબંધિત વિભાગોના અધિકારીઓને વિકાસ કામો ઝડપી, પારદર્શક અને ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા જરૂરી માર્ગદર્શન સહ સૂચનાઓ આપી હતી. જનસુવિધા અને સુખાકારીના કામોને સમયમર્યાદામાં પૂર્ણ કરવા પર ભાર મૂકી આમ નાગરિકોને મુશ્કેલીઓ ન પડે, જનસુવિધામાં વધારો થાય તેવા કામોને પ્રાથમિકતા આપવા અનુરોધ કર્યો હતો. વધુમાં જનતાના અવાજ સમાન જનપ્રતિનિધિઓ સાથે સંકલનમાં રહી તેમની માંગણીઓ અને લાગણી અનુસાર જનકલ્યાણના કામોને પૂર્ણ કરવા પર વિશેષ ધ્યાન આપવા તાકીદ કરી હતી.

બેઠકમાં મહુવાના ધારાસભ્ય શ્રી મોહનભાઈ ઢોડિયા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી સમીર મોદી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવેન્દ્રપ્રકાશ મીના, જિલ્લા પોલીસ વડા શ્રી રાજેશ ગઢીયા, જિલ્લા આરોગ્ય અધિકારી ડો. અનિલ પટેલ, જિ. ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી અમ.બી. પ્રજાપતિ, પ્રાંત અધિકારી શ્રી રોશની પટેલ, પ્રાયોજના વહીવટદાર, સહિત સ્થાનિક પદાધિકારીઓ, સંગઠનના હોદ્દેદારો અને માર્ગ મકાન વિભાગ સહિત જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગૌ માતાનું સંરક્ષણ, પોષણ અને સંવર્ધન એ પ્રકૃતિ, કૃષિ અને ગ્રામ્ય અર્થતંત્રની સેવા છે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

'ગૌ સન્માન આહ્વાન અભિયાન' સમારોહમાં ગૌ સેવા, પ્રાકૃતિક ખેતી અને ગ્રામ્ય સ્વાવલંબન દ્વારા આત્મનિર્ભર ગુજરાતનો સંકલ્પ વ્યક્ત કરતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ



માત્ર ગૌશાળાઓ પૂરતું સીમિત ન રહેતા દરેક સનાતનીના ઘર સુધી ગૌ માતા પહોંચે અને ગૌપાલન થાય તે દિશામાં સહિયારા પ્રયાસો જરૂરી: વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી

કમલમ્,

ગાંધીનગરના અડાલજ ખાતે યોજાયેલા ગૌ સન્માન આહ્વાન અભિયાનના રાજ્ય સ્તરીય તૃતીય ચરણ? સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, સનાતન અને વૈદિક સંસ્કૃતિમાં ગૌ માતાનું વિશેષ સ્થાન છે અને ગાયને કામધેનુનું સ્વરૂપ માનવામાં આવે છે. ગાયના દૂધથી પરિવારનું તથા ગોબરથી જમીનનું પોષણ થાય છે, જ્યારે ગૌ સેવાના સંસ્કારથી માનવ જીવનમાં કરુણા અને જીવદયાની ભાવના વિકસે છે. ગૌ સન્માન અભિયાનના પાવન અવસરે તેમણે સનાતન સંસ્કારોને નવી પેઢી સુધી પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા વિકાસની સાથે સંસ્કૃતિ, પરંપરા અને પ્રકૃતિના સંરક્ષણને પ્રાધાન્ય આપ્યું છે. માનવ કલ્યાણ, પ્રકૃતિ રક્ષણ અને ગૌ માતાના સંવર્ધન સાથેનો વિકાસ એ જ મુખ્ય વિચારધારા છે, તેને અનુસરીને ગુજરાત સરકાર ગૌ સેવા અને પશુધનના સંવર્ધન માટે સતત કર્તવ્યરત છે. તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યમાં ગૌશાળાઓ અને પાંજરાપોળો ગૌ માતાની સેવા, સંભાળ અને રક્ષણનું પવિત્ર કાર્ય કરી રહી છે. આવી સેવાભાવી સંસ્થાઓને યોગ્ય સહયોગ મળે અને ગૌ માતાને પોષણ મળી રહે તે આપણી સહિયારી જવાબદારી છે. આ હેતુથી રાજ્ય સરકારે 'મુખ્યમંત્રી ગૌ માતા પોષણ યોજના' અમલમાં મૂકી છે. ગૌશાળાઓ માત્ર સહાય પર નિર્ભર ન રહે, પરંતુ વ્યવસ્થિત માળખું, પૂરતા સંસાધનો અને સ્વાવલંબન સાથે ગૌ સેવા આગળ વધે તે દિશામાં સરકારના સતત પ્રયાસો છે. ગ્રામ્ય અર્થતંત્ર અને ખેતી અંગે વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે દૂધ ઉત્પાદન અને આવકના સાધન સાથે ગૌધન એ ગ્રામ્ય અર્થતંત્રનો મહત્વપૂર્ણ આધાર છે. ગોબર અને ગૌમૂત્રનો પરંપરાગત ઉપયોગ ખાસ કરીને ગાય આધારિત પ્રાકૃતિક ખેતીમાં જમીનની ફળદ્રુપતા અને સ્વાસ્થ્ય જાળવવામાં અત્યંત ઉપયોગી છે. આજે ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યા છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી પણ ગાય આધારિત પ્રાકૃતિક ખેતીના પ્રબળ હિમાયતી છે અને ખેડૂતોને સતત પ્રેરિત કરી રહ્યા છે. આપણે ખેડૂતોને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી માટે પ્રોત્સાહિત કરવા સાથે ગૌપાલનને રોજગાર અને આવકના નવા અવસર તરીકે વિકસાવવું છે તેવી નેમ તેમણે દર્શાવી હતી. મુખ્યમંત્રીશ્રીએ ગૌશાળાના સંચાલકો, સેવકો, ગૌ ભક્તો, દાતાઓ તથા સંતો-ધર્માચાર્યોના યોગદાનને બિરદાવતા કહ્યું કે બીમાર ગાયની સારવાર, નિરાધાર પશુને આશ્રય, ઘાસચારો અને વૃદ્ધ-અશક્ત ગાયોની સંભાળ એ સાચી માનવતાની સેવા છે. માત્ર પૂજન પૂરતું સીમિત ન રહેતા ગૌ માતાની યોગ્ય સંભાળ, પોષણ, આરોગ્ય અને સુરક્ષાની જવાબદારી નિભાવવી એ જ સાચી ગૌ ભક્તિ છે. વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, ગૌ માતાના ગૌમૂત્ર તથા ગોબરના આધારથી જમીનનું ઉપરનું સ્તર કોઈ પણ પાકના ઉત્પાદન માટે સક્ષમ બનેછે. વિજ્ઞાનની ભાષામાં જેને ઓર્ગેનિક કાર્બન અને માઈક્રોરાઈઝા કહેવામાં આવે છે, તે વિકસવા પાછળ ગૌ માતાનું ગૌમૂત્ર મહત્વપૂર્ણ કારણ છે. વિધાનસભા અધ્યક્ષશ્રીએ ઉમેર્યું હતું કે જેઓ સમર્પણ ભાવથી ગૌ સેવા કરે છે તેમને સહયોગ અને આર્થિક મદદ આપવાની શરૂઆત મુખ્યમંત્રીશ્રીએ કરી છે, જેનાથી ગૌ માતાના હિતમાં મોટું કાર્ય આગળ વધ્યું છે. આગામી સમયમાં સંતો અને ગૌ ભક્તોની અપેક્ષાઓ પૂર્ણ કરવા માટે પણ સરકાર સાથે રહીને જરૂરી કામગીરી કરશે. ગુજરાત વિધાનસભાના ઐતિહાસિક નિર્ણયનો ઉલ્લેખ કરતાં શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે ગુજરાત વિધાનસભામાં સંપૂર્ણ ગૌવંશ પ્રતિબંધ માટે કાયદો પસાર કરીને ગુજરાતની ધરતી પર ગૌવંશનું એક ટીપું પણ લોહી ન પડે અને જો ક્યાંય આવું બને તો કડકમાં કડક સજાની જોગવાઈ કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે કાંકરેજ, ગીર સહિતની દેશી નસલોનું સંવર્ધન થાય અને લોકો વધુ ગૌપાલન કરતા થાય તે માટે વિજ્ઞાન અને વિરાસતને સાથે રાખીને બનાસ ડેરીના માધ્યમથી પણ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. તેમણે ભાવ વ્યક્ત કરતાં કહ્યું કે માત્ર ગૌશાળા ચલાવવા પૂરતું સીમિત ન રહેતા, ગૌશાળામાંથી ગૌ માતા દરેક સનાતનીના ઘર સુધી પહોંચે અને દરેક સનાતની પોતે ગૌ માતાનું પાલન-પોષણ કરે. માત્ર ગૌ ભક્તો, ગૌશાળા સંચાલકો કે સરકાર પર નિર્ભર ન રહેતા, આપણે સૌ સનાતનીઓ પણ ગૌ માતાની સેવા અને સંવર્ધનનું પોતાનું કર્તવ્ય નિભાવીએ તેમ અપીલ કરી હતી. આ પ્રસંગે દ્વારકા પીઠના શંકરાચાર્ય શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ, શ્રી ગોપાલનંદ સરસ્વતીજી, શ્રી અચ્યુતાનંદ સરસ્વતીજી, શ્રી પ્રકાશનારાયણ ગીરીજી, શ્રી ગોપેશ કૃષ્ણદાસજી, શ્રી પ્રકાશદાસજી, શ્રી ચંદ્રમાદાસજી, શ્રી રામતીર્થદાસજી, શ્રી અમૃતાનંદજી, શ્રી મુકુંદપ્રકાશ બ્રહ્મચારી, યોગી દેવનાથ બાપુજી, ધારાસભ્ય શ્રી અલ્પેશભાઈ ઠાકોર, શ્રી માવજીભાઈ દેસાઈ, દાહોદ જિલ્લાના સંગઠનના પ્રભારી શ્રી શશિકાંતભાઈ પંડ્યા, પૂર્વ ચેરમેન શ્રી વલ્લભભાઈ કથીરિયા તથા બહોળી સંખ્યામાં ગૌસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

સરકારી વિનયન કોલેજ કવાંટ ખાતે મળી સોશિયલ મીડિયા ઈન્ફ્લુઅન્સર્સ મીટ

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કર્યો છોટાઉદેપુરના લોકપ્રિય સોશિયલ મીડિયા ઈન્ફ્લુઅન્સર્સ સાથે સંવાદ



સોશ્યલ મીડિયાના માધ્યમથી આદિવાસી સંસ્કૃતિ, ઉત્સવો અને પર્યટન સ્થળોને મહત્તમ ઉજાગર કરવા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની છોટા ઉદેપુરના સોશિયલ મીડિયા ઇન્ફ્યુઅન્સર્સને અપીલ

- **સોશિયલ મીડિયા ઇન્ફ્યુઅન્સર્સને તેમની સર્જનાત્મકતાનો ઉપયોગ વડે સમાજ ઉપયોગી કાર્યોમાં યોગદાન આપવા અપીલ કરતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી**
- **સોશ્યલ મીડિયાના માધ્યમથી સરકારની વિભિન્ન જન કલ્યાણકારી યોજનાઓના લાભની માહિતીનો મહત્તમ પ્રચાર પ્રસાર કરો અને કોઈના જીવનની સફળતાનું નિમિત્ત બનો: શ્રી હર્ષ સંઘવી**

કમલમ્,

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કવાંટ સરકારી વિનયન કોલેજ ખાતે છોટાઉદેપુરના લોકપ્રિય સોશિયલ મીડિયા ઈન્ફ્લુઅન્સર્સ સાથે સંવાદ કરી આ જિલ્લાના વિકાસલક્ષી કાર્યોના સંવાહક બનવા અપીલ કરી હતી. શ્રી સંઘવીએ તમામ ઈન્ફ્યુઅન્સર્સને સોશ્યલ મીડિયાના માધ્યમથી આદિવાસી સંસ્કૃતિ, ઉત્સવો અને પર્યટન સ્થળોને મહત્તમ ઉજાગર કરવા કહ્યું હતું. તેમણે કવાંટના સુપ્રસિદ્ધ ગેર મેળાને યોગ્ય જન જાગૃતિ દ્વારા વૈશ્વિક ફલક પર પ્રસિદ્ધિ અપાવવા અનુરોધ કર્યો હતો. શ્રી હર્ષ સંઘવીએ છોટા ઉદેપુર જિલ્લાના ભૌગોલિક લાક્ષણિકતા અને સૌંદર્યને ઉજાગર કર્યું હતું અને આ પ્રદેશને ટુરીઝમ હબ તરીકે વિકસાવવા સૌને સાથે મળીને પ્રયાસ કરવા અનુરોધ કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે છોટાઉદેપુરમાં ટુરીઝમ ડેવલોપમેન્ટથી સ્થાનિક અર્થતંત્રને પ્રબળ વેગ મળશે અને નાના કારીગરો, સ્વરોજગાર સાથે સંકળાયેલી મહિલાઓ, કલાકારો સહિતના લોકોના જીવનમાં સમૃદ્ધિ આવશે. શ્રી સંઘવી આ માટે છોટાઉદેપુરના ગામડાઓમાં 'હોમ સ્ટે'નું શરૂ કરવાનો પણ સુઝાવ આપ્યો હતો અને વહીવટી તંત્ર અને યુવાઓને સાથે મળીને એક ગામ નક્કી કરવા કહ્યું હતું અને આ પ્રક્રિયામાં આર્થિક સહાય આપવાની જાહેરાત પણ કરી હતી. નાયબ મુખ્યમંત્રીએ સૌ યુવા ઈન્ફ્લુઅન્સર્સને છોટા ઉદેપુરને ડેવલપ કરવા માટેનાં સુઝાવો માંગ્યા હતા. જેમાં, કનુ રાઠવા, અનંત રાઠવા, પાર્થ પટેલ સહિતના અન્ય યુવાઓએ શિક્ષણ, આરોગ્ય, રોજગાર, પ્રવાસન, રમત ગમત અને ઈન્ડસ્ટ્રી અને સ્કીલ ડેવલપમેન્ટ જેવા મહત્વપૂર્ણ વિષયો પર પોતાના સુઝાવો, પ્રતિભાવો અને આકાંક્ષાઓ વ્યક્ત કરી હતી. આ બાબતે શ્રી સંઘવીએ તમામ પ્રશ્નો બાબતે સકારાત્મક જવાબ આપ્યા હતા અને સોશ્યલ મીડિયાના માધ્યમથી સરકારની વિભિન્ન જન કલ્યાણકારી યોજનાઓના લાભની માહિતીનો મહત્તમ પ્રચાર પ્રસાર કરી કોઈના જીવનની સફળતાનું નિમિત્ત બનવા સૌને અપીલ કરી હતી. શ્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયાના ઉપયોગ બાબતે મહત્વપૂર્ણ ટકોર કરતા જણાવ્યું હતું કે સરકારની કામગીરીમાં કમી રહે ત્યાં ટીકાઓના માધ્યમથી ધ્યાન દોરવું એ ખરાબ નથી પરંતુ ફક્ત ટીકા પૂરતું અને રીલ સુધી સીમીત ના રહેતા ઈન્ફ્યુઅન્સર્સને પોતાની સર્જનાત્મકતાનો ઉપયોગ કરી સમાજ ઉપયોગી કાર્યોમાં યોગદાન આપવા અપીલ કરી હતી. આ તકે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ઉપેન્દ્ર રાઠવા, સાંસદ શ્રી જશુભાઈ રાઠવા, રાજ્યસભા સાંસદ ડો. મુકેશ રાઠવા, ધારાસભ્ય શ્રી જયંતીભાઈ રાઠવા, કલેકટર શ્રી ગાર્ગી જૈન, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ઓમકાર શિંદે, પોલીસ અધિક્ષક શ્રી ઈમ્તિયાઝ શેખ ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રીય વિજ્ઞાન નાટક મહોત્સવ (NSDF) 2026-27માં ગુજરાતની ઐતિહાસિક સિદ્ધિ: મહીસાગરની ટીમ પશ્ચિમ ઝોનમાં દ્વિતીય સ્થાને વિજેતા



કમલમ્, ગાંધીનગર

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) દ્વારા રાજ્યના વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, તર્કશક્તિ અને સર્જનાત્મકતા કેળવવાના ઉમદા આશયથી 'રાજ્યકક્ષા વિજ્ઞાન નાટક મહોત્સવ (NSDF) 2026–27'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતુ. ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય હેઠળની નેશનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝિયમ્સ (NCSM) સાથે સંકલિત આ મહોત્સવમાં ગુજરાતની શાળાના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય સ્તરે રાજ્યનું ગૌરવ વધાર્યું છે.

૨૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ નેહરુ સાયન્સ સેન્ટર, મુંબઈ ખાતે યોજાયેલી પશ્ચિમ ઝોનલ સાયન્સ ડ્રામા સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતાં મહીસાગરની ટીમે સમગ્ર પશ્ચિમ ઝોનમાં દ્વિતીય (બીજું) સ્થાન હાંસલ કરી ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. આ વિજય સાથે જ ગુજરાતની ટીમે હવે આગામી તારીખ ૬ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ સાયન્સ સિટી, કોલકાતા ખાતે યોજાનારા રાષ્ટ્રીય કક્ષાએ નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ ૨૦૨૬-૨૭ ગ્રાન્ડ ફિનાલેમાં પ્રવેશ મેળવી લીધો છે. રાજ્યનાં વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ વિજેતા ટીમને અભિનંદન પાઠવ્યા હતા અને આગામી રાષ્ટ્રિય કક્ષાની સ્પર્ધા માટે ટીમને શુભેચ્છા પાઠવી હતી. વિજ્ઞાનના પ્રચાર-પ્રસાર માટે નાટકો એ સૌથી સક્ષમ માધ્યમ છે. ગુજરાતમાં વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન નાટકો અંગે રસ કેળવાય અને વધુ ને વધુ વિદ્યાર્થીઓ વિજ્ઞાન નાટકોમાં ભાગ લઈને અને ગુજરાતમાં વિજ્ઞાન નાટકોની ઈકોસિસ્ટમ વિકસે એ આશયથી ગુજકોસ્ટ દ્વારા નવા અભિગમ સાથે આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન તારીખ ૨૩ સપ્ટેમ્બર થી ૦૩ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન ગુજરાતના તમામ જિલ્લાઓમાં લોક વિજ્ઞાન કેન્દ્રો (CSC) ના માધ્યમથી જિલ્લા કક્ષાની સ્પર્ધાઓ યોજાઈ હતી, જેમાં ધોરણ ૬ થી ૧૦ ના વિદ્યાર્થીઓ દ્વારા 'વિજ્ઞાન અને સમાજ' (Science & Society) વિષય પર કુલ ૩૨૬ જેટલા નાટકો રજૂ કરવામાં આવ્યા હતા. જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પ્રથમ આવેલી ટીમના વિદ્યાર્થીઓને નાટ્યલેખન, વૈજ્ઞાનિક તથ્યોની સચોટ રજૂઆત, અભિનય અને સ્ટેજ પ્રેઝન્ટેશન અંગે ઊંડાણપૂર્વક તાલીમ આપવા માટે ગુજકોસ્ટ દ્વારા નિયુક્ત કરાયેલ મેન્ટર સતત માર્ગદર્શન અને તમામ જરૂરી સહયોગ કરવામા આવ્યો હતો. ગુજરાતના તમામ જિલ્લામાંથી ૩૧ ટીમોને રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદ કરવામાં આવી હતી.

ત્યારબાદ, તારીખ ૧૪ અને ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન રાજકોટ ખાતે હેમુ ગઢવી હોલમાં બે દિવસીય રાજ્યકક્ષા વિજ્ઞાન નાટક મહોત્સવ (NSDF) 2026–27 નુ આયોજન કરવામાં આવ્યું હતુ. રાજ્યકક્ષા વિજ્ઞાન નાટ્ય મહોત્સવ મા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે કલા અને રંગભૂમિ ક્ષેત્રના અગ્રણીઓ પદ્મશ્રી ડૉ. જગદીશ ત્રિવેદી, શ્રી સંજય ગોરડિયા, શ્રી વિરલ રાચ્છ અને શ્રી ભરત યાજ્ઞિક વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. આ સ્પર્ધામાં મહીસાગર જિલ્લાની ક્રિસ્ટલ ઈન્ટરનેશનલ સ્કૂલ અને ક્રિસ્ટલ સાયન્સ સ્કૂલ ના વિદ્યાર્થીઓએ તેમના નાટક 'આધુનિક યુગની અંધશ્રદ્ધા' દ્વારા પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રાજ્ય વિજેતા બનવાનું બહુમાન મેળવ્યું હતું. રાજ્ય કક્ષાએ પ્રથમ વિજેતા બનેલી મહીસાગરની આ ટીમને પશ્ચિમ ઝોનલ સ્પર્ધા માટે સજ્જ કરવા ગુજકોસ્ટ (GUJCOST) દ્વારા વિશેષ મેન્ટરશિપ અને સતત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ગુજકોસ્ટ દ્વારા નિયુક્ત કરાયેલ મેન્ટર દ્વારા વિદ્યાર્થીઓને નાટ્યલેખન, વૈજ્ઞાનિક તથ્યોની સચોટ રજૂઆત, અભિનય અને સ્ટેજ પ્રેઝન્ટેશન અંગે ઊંડાણપૂર્વક તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સઘન તૈયારીના પરિણામે, તારીખ ૨૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ નેહરુ સાયન્સ સેન્ટર, મુંબઈ ખાતે યોજાયેલી પશ્ચિમ ઝોનલ સાયન્સ ડ્રામા સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતાં મહીસાગરની ટીમે સમગ્ર પશ્ચિમ ઝોનમાં દ્વિતીય (બીજું) સ્થાન હાંસલ કરી ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. આ વિજય સાથે જ ગુજરાતની ટીમે હવે આગામી તારીખ ૬ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ સાયન્સ સિટી, કોલકાતા ખાતે યોજાનારા રાષ્ટ્રીય કક્ષાએ નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ ૨૦૨૬-૨૭ ગ્રાન્ડ ફિનાલેમાં પ્રવેશ મેળવી લીધો છે. રાષ્ટ્રીય સ્તરની આ અંતિમ સ્પર્ધા માટે પણ ગુજકોસ્ટ અને ગુજકોસ્ટ ટીમ દ્વારા નિયુક્ત કરાયેલ મેન્ટર દ્વારા વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન અને તમામ જરૂરી સહયોગ પૂરો પાડવામાં આવશે.

રાજ્યના વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગના સચિવશ્રી પી. ભારતી (IAS) ના વડપણ હેઠળ અને ગુજકોસ્ટના ડિરેક્ટર જનરલ શ્રી દિગ્વિજયસિંહ જાડેજા (IAS) ના નેતૃત્વમાં ગુજકોસ્ટ રાજ્યના ખૂણેખૂણાના વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ટેક્નોલોજી સાથે જોડવા માટે સતત કાર્યરત છે. ગુજકોસ્ટ માત્ર સ્પર્ધાઓનું આયોજન કરવા પૂરતું મર્યાદિત ન રહેતા, જિલ્લા સ્તરથી લઈને રાષ્ટ્રીય સ્તર સુધી દરેક વિદ્યાર્થીને સમાન તક, યોગ્ય પ્લેટફોર્મ, નિષ્ણાતોનું માર્ગદર્શન (મેન્ટરશિપ) અને પ્રોત્સાહક પુરસ્કારો પૂરા પાડીને તેમની સુષુપ્ત શક્તિઓને બહાર લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. રંગભૂમિ જેવા લોકભોગ્ય માધ્યમ દ્વારા સમાજમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવા અંધશ્રદ્ધા દૂર કરવા અને નવી પેઢીમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સાથે વિજ્ઞાન પ્રત્યે રુચી કેળવવા માટે ગુજકોસ્ટની આ પહેલ સમગ્ર રાજ્ય માટે પ્રેરણા રૂપ બની રહી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના વિભાગોની સમીક્ષા બેઠકોના ઉપક્રમના બીજા તબક્કામાં એક જ દિવસમાં ૧૬ વિભાગોની કામગીરી સમીક્ષા કરી

શુક્રવારે દિવસભર વરિષ્ઠ સચિવો અને નાણાં વિભાગ સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજાઈ



કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના વિવિધ વિભાગોની આ વર્ષના બજેટ અંતર્ગત થયેલી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા માટે ઉચ્ચ સ્તરીય બેઠકો યોજવાના શરૂ કરેલા ઉપક્રમના બીજા તબક્કામાં એક જ દિવસમાં ૧૬ વિભાગોની કામગીરી સમીક્ષા હાથ ધરી હતી. આ સંદર્ભમાં તેમણે શુક્રવારે સમગ્ર દિવસ દરમિયાન વિભાગોના વરિષ્ઠ સચિવો અને વિભાગના વડાઓ સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૨૭ નવેમ્બરે આ શ્રૃંખલામાં બપોર પહેલાં નાણાં, માર્ગ અને મકાન, શહેરી વિકાસ, કૃષિ અને સહકાર, ઉદ્યોગ, અન્ન-નાગરિક પૂરવઠા, પંચાયત-ગ્રામ ગૃહ નિર્માણ, સામાજિક ન્યાય અને અધિકારીતા તથા આદિજાતિ વિકાસ વિભાગની કામગીરીની વિસ્તૃત સમીક્ષા હાથ ધરી હતી. તેમણે બપોર બાદ અન્ય ૭ વિભાગો પોર્ટ્સ, વન-પર્યાવરણ, સાયન્સ એન્ડ ટેક્નોલોજી, મહિલા અને બાળ કલ્યાણ, મહેસૂલ, રમત-ગમત યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા ક્લાયમેટ ચેન્જની સમીક્ષા કરી હતી. આ બધા જ વિભાગોની પ્રવર્તમાન કામગીરી, બજેટના યોજનાકિય લક્ષ્યાંકો સામે થયેલી પ્રગતિ અને સિદ્ધિઓની વિગતો પ્રેઝન્ટેશનના માધ્યમથી ઝિણવટ પૂર્વક મુખ્યમંત્રીશ્રીએ મેળવી હતી અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર શ્રી ડૉ. હસમુખ અઢિયા તેમજ નાણાં વિભાગ સહિત સંબંધિત વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રીઓ, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, અધિક અગ્રસચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે અને સચિવ શ્રી અજયકુમાર પણ આ બેઠકોમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કવાંટના હાફેશ્વર મહાદેવ મંદીરના દર્શન સાથે દ્વિતીય દિવસના કાર્યક્રમનો કર્યો શુભારંભ

શ્રી સંઘવીએ ભગવાન શિવની પૂજા અર્ચના કરી સમગ્ર રાજ્યના નાગરીકોની સુખાકારી માટે પ્રાર્થના કરી



નાયબ મુખ્યમંત્રીશ્રીને હાફેશ્વર ખાતે આવનાર સમયમાં ટુરિઝમ ડેવલપમેન્ટના વિકાસ હેતુ માળખાકીય સુવિધાઓના અવકાશ અને આયોજન થી માહિતગાર કરાયા

કમલમ્,

છોટા ઉદેપુરના પ્રવાસે પધારેલ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ કવાંટના હાફેશ્વર મહાદેવ મંદીરના દર્શન સાથે આજે દ્વિતીય દિવસના કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. શ્રી સંઘવીએ ભગવાન શિવની પૂજા અર્ચના કરી સમગ્ર રાજ્યના નાગરીકોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. વધુમાં, શ્રી સંઘવીએ મંદીરના પ્રાંગણમાં ગૌ માતાની પૂજા કરી હતી. આ તકે નાયબ મુખ્યમંત્રીશ્રીને ઉપસ્થિત અધિકારીઓ દ્વારા હાફેશ્વર ખાતે આવનાર સમયમાં ટુરિઝમ ડેવલપમેન્ટના વિકાસ હેતુ માળખાકીય સુવિધાઓના અવકાશ અને આયોજન થી માહિતગાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત નાયબ મુખ્યમંત્રી હાફેશ્વરના જંગલ ખેતી કરતા ખેડૂત શ્રી ગુલાબસિંહ શેરકાભીલને મળ્યા હતા અને સોલર પંપની સહાયથી ખેતીમાં આવેલ સકારાત્મક પરિણામો વિશે જાણકારી મેળવી હતી. આ અવસરે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ઉપેન્દ્ર રાઠવા, સાંસદ શ્રી જશુભાઈ રાઠવા, રાજ્યસભા સાંસદ ડો. મુકેશ રાઠવા, છોટા ઉદેપુર નગરપાલીકા પ્રમુખ શ્રી ઉપેન્દ્ર પટેલ, કલેકટર શ્રી ગાર્ગી જૈન, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ઓમકાર શિંદે, પોલીસ અધિક્ષક શ્રી ઈમ્તિયાઝ શેખ સહિત અન્ય સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028